

ગાંધીનગર (ઉ) તથા ગાંધીનગર (દ) બેઠકનો કોંગ્રેસનો સ્નેહમિલન સમારોહ ઉવારસદ ખાતે યોજાયો હતો. જેમાં પ્રદેશ અને જિલ્લાના નેતાઓ હાજર રહ્યા હતા. નૂતન વર્ષની શુભકામનાઓ સાથે જિલ્લાની બધી બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોના વિજયનો સંકલ્પ આ બેઠકમાં લેવાયો હતો.

# દિકરીની સાસરીએથી ઘરે જવા નીકળેલા વૃદ્ધ પિતા લાપતા



## માનસિક બિમારીથી પિડાતા વૃદ્ધની શોધખોળ શરૂ

ગાંધીનગર, તા.૧૩
મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકામાં આવેલા કંથરાવી ગામે રહેતા ૬૫ વર્ષીય વૃદ્ધ ગણપતભાઈ ચેલાદાસ પટેલ ત્રીજી નવેમ્બરે ગાંધીનગર સે-૩૦ ખાતે સ્થિત યોગી એપાર્ટમેન્ટમાં રહેતી તેમની દિકરીના સાસરે આવ્યા હતા. ગણપતભાઈ જમી પરવારીને પરત ગામમાં જવા માટે રિક્ષામાં બેસી પથિકાશ્રમ ડેપો તરફ જવા રવાના થયા હતાં. આજ દિન સુધી તેમનો કોઈ જ પત્તો મળ્યો નથી કે ઘરે પણ પરત ફર્યા નથી. માનસિક બિમારીનો ભોગ બનેલા હોવાનું પણ પરિવારજનોનું કહેવું છે. સે-૭ પોલીસે જાણવા જોગ નોંધી છે.

# કોંગ્રેસે ઉભા કરેલા પ્રશ્નો

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮મી તારીખે ૫૦૦-૧૦૦૦ નોટ રદ કરવાની જાહેરાત કરી તેજ સમયે બંગાળ ભાજપ ઈંડિયન બેંકની બ્રાંચ ખાતેથી ૪૦ લાખ ૫૦૦-૧૦૦૦ની નવી નોટોમાં જમા કરાવ્યા એ પહેલા તે જ દિવસે ૬૦ લાખ સહિત ત્રણ દિવસમાં ૩ કરોડ રોકડા જમા કરાવ્યા હતા.
- ૫૦૦-૧૦૦૦ની નોટો રદ થયા પછી તા. ૧૦-૧૧-૨૦૧૬ બેન્કોમાં એક જ દિવસમાં ડીપોઝીટમાં ૩૦ ગણો વધારો થઈને ૬૦ હજાર કરોડ જમા કરવામાં આવ્યા. આ રકમ સેટીંગ કરીને ૮મી તારીખે કે અગાઉ ૫૦૦-૧૦૦૦માં જમા થઈ છે કે કેમ તપાસ કરવા માંગ
- દેશના પરસેવો પાડનાર કરોડ પ્રજાજનો ૪ હજાર લેવા કલાકો લાઈનમાં ઉભા હતા ત્યારે અબજોના કાળા નાણાવાળાએ પાછલે બારણેથી કાળામાંથી ધોળા કર્યા
- ૫૦૦-૧૦૦૦ નોટો રદ થયાની રાત્રે ભાજપ સાથે સંકળાયેલા સહકારી બેન્કના આગેવાનોએ શહેર અને ગામડાઓની શાખાઓમાં ઓવર ટાઈમ કરીને અબજોના કાળા નાણાં ધોળા કર્યા
- જાહેર અને ખાનગી બેન્કોના કર્મચારીઓએ રાત દિવસ જોયા વગર કામ કર્યું છે. પરંતુ પોરબંદરમાં બેન્ક મેનેજરને એક મંત્રીના સહાયકે ૫૦૦-૧૦૦૦ની કરોડોની નોટો બદલવાની ધમકી, સીસીટીવીના ફુટેજ મગાવીને તપાસ કરો.
- નોટ રદ કરવાના નિર્ણયની જાણ ત્રણ મહાનુભાવોને જ હતી તો બંગાળના ભાજપ અને મળતીયાઓને માહિતી કોણે આપી આ ઘટના તથા અન્ય સંબંધિત બનાવોની તપાસ સુપ્રિમ કોર્ટની નિરીક્ષણ હેઠળ એસઆઈટી બનાવીને કરાવો.

# ચિલોડા સર્કલથી વિદેશી દારૂની પેટીઓ ભરેલી વેન્ટો પકડાઈ

## રૂ.૨૮,૮૦૦ની કિંમતનો ૮ પેટી દારૂનો જથ્થો જપ્ત કરી બે શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૧૩
ચિલોડા પોલીસે બાતમીને આધારે સર્કલ નજીક વૉચ ગોઠવીને વોકસવેગન વેન્ટો ગાડીને દારૂની હેરાફેરી કરતા પકડી તેમાંથી બે શખ્સોને દબોચી લીધા છે. ખેરવાડા નજીકથી ગાડીમાં દારૂનો જથ્થો ભરી અમદાવાદ લઈ જવાઈ રહ્યો હોવાનું ખુલ્યું છે. પોલીસે રૂ. ૫ લાખની ગાડી તથા રૂ. ૨૮,૮૦૦ની કિંમતનો દારૂ જપ્ત કરી વધુ તપાસ શરુ કરી છે.

ચિલોડા પોલીસ મથકના સ્ટાફના માણસને બાતમી મળી હતી કે હિંમતનગર તરફથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી ગ્રે કલરની વોકસ વેગન વેન્ટો ગાડી નં. જીજે ૧ કેપી ૪૨૬૫ લઈને બે શખ્સો ચિલોડા હાઈવે તરફ આવી રહ્યા છે. જેને આધારે વોચ ગોઠવીને બાતમી વાળી વેન્ટો કાર ચિલોડા



સર્કલ નજીકથી પકડી પાડી હતી. કારમાં તપાસ કરતાં તેની ડેકીમાંથી સ્પેશ્યલ ઈવ રેર વ્હીસ્કીની બોટલો ભરેલી આઠ પેટી મળી આવી હતી. રૂ. ૨૮,૮૦૦ની કિંમતની ૯૬ બોટલ જપ્ત કરી પોલીસે કારમાં દારૂની હેરાફેરી કરી રહેલા વટવાના બે શખ્સો વિનોદ ઉર્ફે ભુરો બળદેવ વ્યાસ અને વિકાસ પરમાનંદ યાદવની ધરપકડ કરી લઈ સઘન પુછપરછ શરુ કરી હતી. પુછતાછમાં જાણવા મળ્યું કે તેમણે ગાડી ખેરવાડાનાં કોઈ ગણેશ નામના શખ્સ પાસેથી ભરાવી હતી અને અમદાવાદમાં છુટક વેચાણ માટે દારૂ લઈ જવાતો હતો. બંને શખ્સોની દારૂ તથા બે મોબાઈલ ઉપરાંત ગાડી જપ્ત કરી ધરપકડ કરી લેવામાં આવી છે અને વધુ તપાસ શરુ કરવામાં આવી છે.

## બિનહિસાબી સંપત્તિ સામે

● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ રહેલી ભારે તકલીફ અંગે મોદીએ કહ્યું હતું કે, માત્ર ૩૦ ડિસેમ્બર સુધીનો તેમને સમય જોઈએ છીએ. મોદીના કહેવા મુજબ એક વખત સાફ સફાઈ થઈ જવાની સ્થિતિમાં ઘરની અંદર નાના મચ્છરો પણ ઘુસી શકતા નથી. પોતાના વિરોધી ઉપર પ્રહાર કર્યા હતા. રાહુલ ગાંધી અને કોંગ્રેસના નામનો ઉલ્લેખ કર્યા વગર તેમણે કહ્યું હતું કે, ટુજી કૌભાંડ, કોલસા કૌભાંડ કરનાર લોકો હવે લાઈનમાં ઉભા છે. કેટલાક લોકોને આજે ૪૦૦૦ નોટ બદલવા માટે લાઈનમાં રહેવાની ફરજ પડી રહી છે. જે લોકોને રાજનીતિ રમવી છે તે રાજનીતિ રમ્યા કરે. જે લોકો લુંટાઈ ચુક્યા છે તે ભલે રોતા રહે અને આક્ષેપો કરતા રહે પરંતુ દેશના ઈમાનદાર દેશવાસીઓ પાસેથી તેઓ ૫૦ દિવસનો સમય માંગે છે. હરીફો ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, બ્લેકમનીની સામે આ ઝુંબેશ ઉપર બોલવાની હિંમત હવે વિરોધીઓને થઈ રહી નથી.

મોદીએ કહ્યું હતું કે, તેમના વિરોધીઓ ખુબ તાકાત લગાવી ચુક્યા છે. વિરોધીઓની કેવી કેવી તાકાતો સામે તે લડી ચુક્યા છે. તમામ લોકો તેમની સામે આવી શકે છે. ૭૦ વર્ષથી ભેગી કરેલી તેમની સંપત્તિને તેઓ લુંટી રહ્યા છે. આવી સ્થિતિમાં આવા લોકો તેમને જીવિત છોડવની કોઈ કમી રાખશે નહીં. તેમણે ઉમેર્યુ હતું કે, ૫૦ દિવસ લોકો મદદ કરશે તો સ્થિતિ હળવી થશે અને દેશમાં સ્વચ્છતા આવશે.

## સેટિંગ ફેરવવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

દૂર કરવામાં આવે તે મોટો પ્રશ્ન છે. આ વિલંબના કારણે એટીએમને ચલાવવા અને મેઈન્ટેન કરનાર ઈન્ડસ્ટ્રીની મર્યાદિત ભૂમિકા રહેલી છે. સ્થિતિ સામાન્ય બનવામાં હજુ સમય લાગી શકે છે. બીજી બાજુ એટીએમના સેટિંગ ૨૦૦૦ રૂપિયાના નોટના હિસાબથી કરવાનું કામ આવતીકાલે સોમવારથી શરૂ થશે. દેશમાં કેશ લોજિસ્ટિક સાથે જોડાયેલી કંપનીઓ માત્ર આઠ છે જેમાં કામ કરનાર લોકોની સંખ્યા ૪૦૦૦૦ જેટલી છે. દેશભરમાં બે લાખથી વધારે એટીએમમાં રોકડ પહોંચાડવા અને મશીનોને યોગ્યરીતે ચલાવવાની કામગીરી આ લોકોના હાથમાં છે. આ ઉપરાંત છ મલ્ટીપલ સર્વિસ પ્રોવાઈડર છે જેના મારફતે બેંકો પોતાના એટીએમને ભરાવવાનું કામ કરે છે. કેશ લોજિસ્ટિક કંપનીઓમાંથી એક એસઆઈએસ પ્રોસીગુરના ડિરેક્ટર ઋતુરાજ સિંહાએ કહ્યું છેક, અમારુ કામ અનેકગણુ વધી ગયું છે. અમારી ક્ષમતાથી ત્રણ ગણુ વધારે કામ થઈ ગયું છે.

સ્ટાફના લોકો ૭૨ કલાકથી ઘરે ગયા નથી. બેંક આ કંપનીઓને એટીએમમાં લગાવવા માટે હાલમાં ૧૦૦ રૂપિયાની નોટ આપે છે જેના લીધે એટીએમની ક્ષમતા ૪૦ લાખ રૂપિયાથી ઘટીને ૫ લાખથી ૧૦ લાખ રૂપિયા સુધી થઈ ગઈ છે. મોટાભાગના એટીએમ મશીનોમાં ૧૦૦ રૂપિયાની નોટ માટે માત્ર એક બોક્સ હોય છે જ્યારે ત્રણ બોક્સ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ માટે હોય છે. અન્ય બોક્સ માટે ૧૦૦ રૂપિયાની નોટનો ઉપયોગ કરવા માટે મશીનોને ફરી યોગ્યરીતે સેટિંગ કરવા પડશે. આવી જ રીતે એટીએમમાં ૨૦૦૦ રૂપિયાની નોટ મુકતી વેળા પણ મશીનોના સેટિંગ ફરી બદલવા પડશે.

## મિલ્કતવેરો ભરાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંજૂરી મળતાં ત્રણ દિવસમાં જ રૂ. ૧.૩૫ કરોડની આવક મેળવી છે. બાકી મિલ્કતવેરો ભરવાની આ અંતિમ તક હોવાનું જણાવતાં મનપાના સૂત્રોએ એવો નિર્દેશ આપ્યો છે કે આ પછી પુનઃ સિલીંગની કાર્યવાહી માટે આગળ વધવામાં આવશે.

દિપાવલી પર્વ પહેલાં તંત્રએ મિલ્કતવેરા અંગે સિલીંગનું શસ્ત્ર ઉગામ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.

## કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

માહિતી પ્રસારણ, સ્વાસ્થ્ય, કુટુંબ કલ્યાણ અને ગ્રાહકોની બાબતો, કાયદો અને ન્યાય, વિદેશ, બાળ કલ્યાણ સચિવો તેમજ એડર્વટાઈઝીગ કાઉન્સીલના સભ્યોની એક બેઠકમાં એનડી ટીવીનું પ્રસારણ એર બેઝનું રક્ષણ કરતા જવાનોની સલામતી અને કામગીરી માટે જોખમ રૂપ હતું તેમજ સ્થાનિક વસાહતીઓ, નાગરિકોની સલામતીને જોખમ ઉભું થાય તે પ્રકારના હેતુ સ્પષ્ટ થવા પામતા પ્રતિબંધ સુયોગ્ય જ હતો પરંતુ ચેનલોની સંગઠીતતા અને મીડીયાના પ્રદર્શનના કારણે વિરોધ પક્ષનો મીડીયાને સપોર્ટ થતા આખી વાતમાં કેન્દ્ર સરકાર ઉપર દબાણ આવતા પરિપત્ર પરત ખેંચી માત્ર ચેનલની લેખીત માફી સ્વીકારી લીધી એક વાર ફરી મીડીયાએ શાસક પક્ષ ઉપર અધિપત્ય જમાવ્યું અને ચોથી જાગીરના મળનાર ગેરલાભનો ફાયદો ઉઠાવ્યો.

આ સાથે ન્યૂઝ આસામ ઉપર પણ લાગેલ પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો આ ચેનલે એક રેપ પીડીતાની નિજતા અને ગરીમાની પરવા કર્યા સીવાય તેનો ચેહરો દેખાય તે રીતે ઓળખાણ છતી થાય તે રીતના સમાચારો પ્રકાશીત કર્યા રેપપીડીતાની ઓળખ આપવા ઉપર કાયદાકીય પ્રતિબંધનો સરેઆમ ઉલ્લંધન કરતા સમાચારો પડીતાની ગરીમાને લાછીંન રૂપ બને તે હદે દર્શાવી પીડીતાની ત્યારે બદનામી કરી તેમ છતાં એનડી ટીવીની સમર્થનમાં ઉત્તરતા મીડીયા તથા વિરોધ પક્ષના દબાણને કારણે કેન્દ્ર સરકારને ઝુકવું પડયું અને બન્ને ચેનલના પ્રતિબંધને હટાવવો પડયો જે અયોગ્ય નિર્ણય આમ જનતાને જણાયો.

વ્યક્તિ સ્વતંત્રતા તથા અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારોએ દેશ, નાગરિક તથા સલામતી પર નથી તે વતા દરેક મીડીયા કરતાએ સમજવી જરૂરી છે. બ્રેકીંગ ન્યૂઝ તથા સૌથી પહેલા ખબર બતાવી ટીઆપી વધારવાની હોડમાં ઉચિત, અનુઉચિત તથા આચાર સહિતાને બાજુમાં રાખી કાયદાનો સરેઆમ ભંગ કરી દેશની સલામતી જોખમમાં મુકતા કોઈપણ પ્રસારણને અટકાવવું એ પ્રાથમિક ફરજ છે બ્રોડકાષ્ટીંગ તથા કેબલ નેટવર્ક રેગ્યુલેશન એકટની મર્યાદામાં રહીને જ દરેક ચેનલ તથા પત્રકારે કવરેજ કરવું જોઈએ. અભિવ્યક્તિના અધિકાર નીચે દેશ દ્રોહ કરી શકાય નહિ અને આ બાબત દેશહિતમાં ચલાવી પણ ના લેવાય. અભિવ્યક્તિની સ્વંતત્રતા નામે દેશની સલામતીને જોખમમાં ના મુકી શકાય.

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

કોંગ્રેસમાં છોડીને પોતે શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા છે.

ગોવાના રાજકારણમાં નખશીખ પ્રામાણિક હોવાની છાપ ધરાવનાર મૂળ મગોપાના નેતા એવા રમાકાંત ખલપ કેન્દ્રમાં આઈ. કે. ગુજરાલની સરકારમાં કાયદા પ્રધાન રહ્યા છે. અત્યારે એ કોંગ્રેસના વરિષ્ઠ નેતા છે. અગાઉ એ મનોહર પર્રીકરની ભાજપ-મગોપા સરકારમાં પ્રધાન રહ્યા છે. તેમના મોટા પુત્ર શ્રીનિવાસ ખલપ 'આપ' પાર્ટીના નેતા છે. બાકીના બંને પુત્રો ખલપની કોંગ્રેસ પાર્ટીમાં જ છે અને સમગ્ર પરિવાર એક જ છત નીચે મ્હાપસામાં રહે છે ! ગોવામાં આવતી સરકાર 'આપ' પાર્ટી રચશે એવા સર્વેક્ષણ ઝળક્યા પછી ભાજપની માતૃસંસ્થા રા.સ્વ. સંઘના ગોવા એકમ થકી અલગ પક્ષ રચવાની હિલચાલ થઈ અને શિવસેના જ નહીં, શરદ પવારની સેના પણ ગોવાના સમરાંગણમાં કૂદી પડી છે. રમાકાંત ખલપનું કહેવું છે કે સૌથી વધુ બેઠકો સાથે કોંગ્રેસ ૨૦૧૭માં સરકાર રચશે. શિવસેના અને ગોવા સુરક્ષા મંચ બીજા ક્રમે રહેશે અને ભાજપ ત્રીજા ક્રમે ફેંકાઈ જશે. જોકે, ભાજપ થકી ચૂંટણીના પ્રભારી તરીકે કેન્દ્રના પ્રધાન નીતિન ગડકરી મૂકાયા છે. સંરક્ષણ પ્રધાન પર્રીકર મુખ્યપ્રધાન પદના ઉમેદવાર નહીં હોવાની સ્પષ્ટતા કરતાં કામે વળ્યાં છે. કોણ ક્યારે ક્યાં હશે, કેવું મુશ્કેલ છે. જોકે ગોવાની આવતી ચૂંટણી ખૂબ રસપ્રદ રહેશે એ જરૂર.

- haridesai@gmail.com



નૂતન વર્ષાભિનંદન....
ગાંધીનગર સમાચારમાં આપની જાહેરખબર અને સમાચાર આપવા સંપર્ક કરો.
મો. : ૯૯૨૫૭ ૯૯૭૦૩
જનકભાઈ બી. રાવલ - પ્રતિનિધિ

સોમનાથ મહાદેવ મંદિર યુવક મંડળ અને બ્રહ્મપુરી, બ્રહ્મસમાજના જ્ઞાતિબંધુઓ
સર્વેને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.
મુ. પો. હડોલ, તા. સતલાસણ, જી. મહેસાણા


નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન...
મા-અંબાના સર્વે ભક્તજનોને માના આશીર્વાદ મળે તેવી પ્રાર્થના
એક શુભેચ્છક

વિશ્વનાથ દાદા આપ સૌના જીવનમાં દેવદિવાળીના પર્વથી સ્વર્ણિમ ઉજાસ પ્રસરાવે તેવી પ્રાર્થના સહ....
શાસ્ત્રી જનકભાઈ ભીખાભાઈ
જ્યોતિષ રત્નમ્
જ્યોતિષ વિશારદ
વાસ્તુ વિશારદ
હસ્તરેખા વિશારદ
ફેંગશુઈ વિશારદ
(ઓલ ઈન્ડિયા એસ્ટ્રોલોજી ફેડરેશન - મેમ્બર)
અંબિકા મંદિર, લિંભોઈ
અને મુ.પો. ઉમેદપુરા
તા. ઈડર, જી. સાબરકાંઠા
મો. : ૯૯૨૫૭ ૯૯૭૦૩

નૂતન વર્ષ સર્વ ભક્તો માટે શુભ-લાભ આપનાર નિવડે તેવી ગોગ મહારાજ માતાજીને પ્રાર્થના સહ...
નૂતન વર્ષાભિનંદન...
ભગત શામળદાસ
ઉમેદપુરા, ગોગ મહારાજ તથા માતાજી મંદિર
તાલુકો - ઈડર, જિલ્લો : સાબરકાંઠા
ફોન : ૦૨૭૭૮ - ૨૪૭૩૫૪

નૂતન વર્ષનો પ્રત્યેક દિન આપ સૌના માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિમય બને તેવી મા-દશામાને પ્રાર્થના સહ...
નૂતન વર્ષાભિનંદન
શ્રી બુઢિયા દશા માતાજી મંદિર
ભક્તશ્રી દિવાબેન પૂંજીરામ પટેલ
ફોન : ૦૨૭૭૮-૨૩૧૪૬૫

હડોલ વીર દુસકાબાવજી મંદિર
તથા ભેજનાર અલખધુણી મંદિરના દરેક ભાવિક ભક્તોને
નૂતન વર્ષાભિનંદન
મુ. પો. હડોલ, તા. સતલાસણ, જી. મહેસાણા

નૂતન વર્ષનો પ્રત્યેક દિન આપ સૌન જીવનમાં પ્રેમનો પરિમલ પ્રસરાવે તેવી શુભકામનાઓ
વીરમહારાજ
ચોરીવાડ ગામ પાસે, તા. વડાલી, જી. સાબરકાંઠા
સેવક : વીરાભાઈ ભગત